જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૮/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૪૧૨/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં. | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૯ | ૪,૩૪,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૫૧ લીટર દેશી દારૂ, ૧૯૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૨,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૫/૨૦૨૨**

**કાગડાપીઠઃ** હારૂન ઉંમરફારૂક શેખ (ઉ.વ.૪૮) (રહે. સીંધીવાડ જમાલપુર) તા.૧૫/૦૭/૨૦૨૨ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે ભુલાભાઇ ચાર રસ્તા બેંક ઓફ બરોડાના એટીએમ ખાતે ગયા હતા ત્યારે એક પુરૂષે હારૂન શેખના એટીએમ કાર્ડનો પાસવર્ડ જાણી લઈ એટીએમ કાર્ડ બદલી લઇ હારૂન શેખના ખાતામાંથી રૂપિયા ૨૨,૦૦૦/- ઉપાડ કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગેની ફરીયાદ હારૂન શેખે તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.ચી.ઝાલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૬/૨૦૨૨**

નિકોલઃ સંજયભાઈ ગોરધનભાઈ પટેલ (રહે. કેન્સ હાઈટ્રસ એમ.જી.રોડ નિકોલ) એ તા.૦૮/૦૮/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૮/૨૦૨૨ સાંજના ૬/૦૦ થી તા.૦૬/૦૮/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કઠવાડા જી.આઇ.ડી.સી રોડ નં-૦૩ પ્લોટ નં-૨૮૫ ઓમ ઈલેક્ટ્રોમેક નામની કંપનીનું શટર ઉચું કરી ઓફિસનો દરવાજો તથા કાચની બારી તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૭/૨૦૨૨**

**નરોડાઃ** મહેશભાઇ બચુભાઇ વ્યાસ (રહે. ડાહ્યાલાલ પાર્ક સૂરજ પાર્કની બાજુમાં વ્યાસવાડી સામે નવા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૮/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે નરોડા કઠવાડા રોડ વ્યાસવાડીની બાજુમા આવેલ "આઇ શ્રી ખોડીયાર જવેલર્સ" નામની પોતાની દુકાન મહેશભાઈ બંધ કરતા હતા ત્યારે દુકાનમાં આવેલ એક પુરૂષ મહેશભાઈને વાતોમા વ્યસ્ત રાખી મહેશભાઈ વ્યાસની નજર ચુકવી જવેલર્સના કાઉન્ટર ઉપરથી બેગ ચોરી કરી અન્ય પુરૂષના મોટર સાયકલ ઉપર બેસી બન્ને પુરૂષો નાસી ગયા હતા. જે બેગમાં સોનાના દાગીના કિંમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧૨,૩૬,૫૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.બી.રાઠોડ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૮/૨૦૨૨**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** નિલેશભાઇ અંબાલાલ પટેલ (ઉ.વ.૬૦)(રહે. સાનિધ્ય ફ્લોરા ખોડીયાર મંદીરની બાજુમાં ન્યુ રાણીપ) તા.૦૭/૦૮/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પાલડી થી વી.એસ.હોસ્પીટલ તરફ જતા પાવન ટ્રાવેલ્સની ઓફીસ નજીકથી ઓટોરીક્ષા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એસ.ટી.બસ નંબર જીજે.૧૮.ઝેડ.૫૬૦૬ ના ચાલકે એસ.ટી.બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ઓટોરીક્ષાને ટક્કર મારતા નિલેશભાઇને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૮/૨૦૨૨ રાતના ૮/૨૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર નિલેશભાઇના પુત્ર યશ પટેલે "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી જી.કે.ભરવાડ ચલાવે છે.

**ત્રીજા માળથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૪૧૯/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** છારોડી એસ.જી.હાઇવે સ્વર્ણીમ સ્ટોન પાછળ "વીંઝા" નામની નવી બનતી સાઇટની લેબર કોલોની ખાતે રહેતા અને ત્યા જ સાઈટ ખાતે સેન્ટીંગ કામ કરતા સૈદુરમહમ્મદ સ/ઓ ઇદ્રમહમ્મદ મહમ્મદ (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ-મકરાબારી કોમલાબારી પોસ્ટ-મીરૂઅલ પશ્ચીમ બંગાળ) તા.૦૮/૦૮/૨૦૨૨ બપોરના ૪/૫૫ વાગ્યાના સુમારે સાઈટ ખાતે ત્રીજા માળે કામ કરતા હતા ત્યારે ત્રીજા માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિર્મલકુમાર ઇશ્વરભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૦/૨૦૨૨**

**ચાંદખેડાઃ** પ્રિયંકાબહેન ડો/ઓ દલપતભાઇ પરમાર (ઉ.વ.૩૧) (રહે. ઉપવન રેસીડેન્સી ધરતી બંગ્લોઝની બાજુમાં, ચાંદખેડા રેલ્વે સ્ટેશન સામે, ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૮/૨૦૨૨ સવારના ૭/૧૫ વાગ્યાના સુમારે પોતાના રહેઠાણના ધાબા ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી